જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૦૨/૨૦૧૯ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૧૦/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૦૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૧૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૧૨/૧૯

**સોલા હાઇકોર્ટ** : નારાયણલાલ રૂપારામ સુથાર (રહે.વ્રજધામ-૪ સેક્ટર-૪ ચાણકયપુરી ઘાટલોડીયા) એ તા.૧/૨/૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૧/૧૯ ના રોજ અલગ-અલગ સમયે દિલ્લી ખાતે આવેલા રામપાર્ક તથા સેવાપાર્ક ખાતેના એ.ટી.એમ.મશીન માંથી નારાયણલાલ ના પિતાજી ના કર્ણાટકા બેન્કના સેવીંગ એકાઉન્ટના ખાતામાંથી કુલ રૂપિયા ૩૨,૫૦૦/- કોઇ અજાણી વ્યક્તિ એ.ટી.એમ મશીનમાંથી વિડ્રો કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એચ.ગઢવી ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયો :- સમાચાર યાદી નં.૨૧૩/૧૯

**માધવપુરા** : રોનકભાઇ ભરતભાઇ શાહ (ઉ.વ.૩૧)(રહે.બીજો માળ, નીલહર્ષ એપાર્ટમેન્ટ અંજલી ચાર રસ્તા વાસણા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૨/૧૯ ના ક્લાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના એક્ટીવા ઉપર માતા વર્ષાબહેન (ઉ.વ.૫૭) ને બેસાડી અસારવા બ્રીજ થી પ્રેમ દરવાજા તરફ જતા હતા દરમ્યાન અષ્ટવિનાયક કોમ્પ્લેક્ષની સામે રોડ ઉપર આવતા એક અજાણ્યો પલ્સર મોટર સાયકલનો ચાલક (૩૦ થી ૩૨ ના આશરાનો) રોનકભાઇ ની માતાના ગળામાંથી સોનાની ચેઇન ખેંચતા ચેઇન તુટી અડધો ટુકડો નીચે પડી ગયેલ જે અડધો ટુકડો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- મતાનો ચોરી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.બારોટ ચલાવે છે.

<u>સાઇટ ઉપરથી પડી જતાં મૃત્યુ :</u> <u>સમાચાર યાદી નં.૨૧૪/૧૯</u>

**સાબરમતી** : ગુમલીબહેન વા/ઓ મુકેશભાઇ ડામોર (ઉ.વ.૨૭)(રહે.દત્ત પરિસર ફ્લેટ પવિત્ર એંકલવની પાછળ ત્રાગડ સાબરમતી) તા.૧/૨/૧૯ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી ગોગા ચોક પાસે પવિત્ર એંકલવની પાછળ દત્ત પરિસર નામની સાઇટ ખાતે બીલ્ડીંગ ઉપર થી નીચે પડી જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.સુતરીયા ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૨૧૫/૧૯</u>

**નારોલ** : દિનેશભાઇ સોમાભાઇ તિરગર (રહે.આદિત્ય હાઇટસ સમૃધ્ધી રેસીડેંસીની પાછાળ લાંભા નારોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૧૯ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે બેડરૂમના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઇ હિરજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.